ક્રમાંક:-મઉમશબ/સંશોધન/2023/૨૩૬-૭૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૮/૦૬/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,(તમામ)
ગુજરાત રાજ્ય

વિષય : ધોરણ-૯ના વિષય માળખા બાબત
સંદર્ભ : શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૩/છ. તા.૧૮/૦૫/૨૦૨૩

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે ધોરણ-૯ના વિષય માળખામાં વોકેશનલ વિષયની પસંદગીની જોગવાઈ અંગે શાળાઓની રજૂઆતો અન્વયે શિક્ષણ વિભાગમાં દરખાસ્ત કરવામાં આવેલ હતી. શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્રથી ધોરણ-૯ના વિષય માળખાની મંજૂરી આપવામાં આવેલ છે. જે આ સાથે મોકલવામાં આવે છે.

ઉક્ત ધોરણ-૯નું વિષય માળખું આપના તાબા હેઠળની તમામ માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારુ મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:
- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

નકલ રવાના:
- પરીક્ષા સચિવશ્રી (SSC)ને જાણ સારુ

C:\Users\PC1\Desktop\vasava\Letter 24.05.23.docx

Scanned with CamScanner

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**ધોરણ-૯ નું વિષય માળખું (કુલ ૧૦ વિષય ફરજિયાત)**
**(શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી અમલી)**

જૂથ.૧ :- પ્રથમ ભાષા

નોંધ :- જે માધ્યમની શાળા હોય તે ભાષા પ્રથમ ભાષા તરીકે પસંદ કરવાની રહેશે.

જૂથ.૨ :- નીચે દર્શાવેલ ભાષાઓ પૈકી ત્રણ ભાષાઓ ફરજિયાત પસંદ કરવાની રહેશે.

ગુજરાતી (દ્વિતીય ભાષા)
અંગ્રેજી (દ્વિતીય ભાષા)
હિન્દી (રાષ્ટ્ર ભાષા)
સંસ્કૃત (પ્રાચ્ય ભાષા)

નોંધ :- (૧) પ્રથમ ભાષાની પસંદગી કર્યા બાદ તે જ ભાષા દ્વિતીય ભાષા તરીકે પુનઃ કોઈ પણ માધ્યમની શાળા પસંદગી કરી શકશે નહી.
(૨) ગુજરાતી માધ્યમની શાળાઓ સિવાયની તમામ માધ્યમિક શાળાઓ માટે ગુજરાતી (દ્વિતીય ભાષા) ફરજિયાત પસંદ કરવાની રહેશે.
(૩) અંગ્રેજી માધ્યમની શાળાઓ સિવાયની તમામ માધ્યમિક શાળાઓ માટે અંગ્રેજી (દ્વિતીય ભાષા) ફરજિયાત પસંદ કરવાની રહેશે.

જૂથ-૩

| ઉપરોક્ત ચાર ભાષાઓ ઉપરાંત નીચે દર્શાવેલ ત્રણ વિષયો ફરજિયાત પસંદ કરવાના રહેશે. |
|---|
| ગણિત<br>વિજ્ઞાન<br>સામાજિક વિજ્ઞાન |

P.T.O



Scanned with CamScan

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

જૂથ-૪

**કાર્યશિક્ષણ :- (પૂર્વ વ્યાવસાયિક વિષયો) (PRE VOCATIONAL COURSES)**

| સામાન્ય શાળા માટે વિષયો (ગમે તે ત્રણ) A,B,C,D ચાર ગ્રુપમાંથી કોઇ પણ ત્રણ ગ્રુપ પસંદ કરવાના રહેશે. | વ્યવસાયલક્ષી શાળાઓ | | બુનિયાદી શાળાઓમાં ઉત્તર બુનિયાદી વિષયો (ગમે તે બે) |
|---|---|---|---|
| | વાણિજ્ય શાળાઓ માટે વિષયો (ગમે તે ત્રણ) | ટેકનીકલ શાળાઓ માટે વિષયો (ત્રણ વિષયો ફરજીયાત) | |
| **(A) ગ્રુપ**<br>- કમ્પ્યુટર અધ્યયન<br>- ગૃહ વિજ્ઞાન<br>- ડેરી વિજ્ઞાન અને પશુપાલન<br>- વાણિજ્ય પરિચય<br>- એલીમેન્સ ઓફ એન્જીનિયરીંગ<br>(કોઇ પણ એક વિષય પસંદ કરવાનો રહેશે.) | - વાણિજ્ય પરિચય<br>- નામાનાં મૂળતત્વો<br>- વાણિજ્ય પત્ર વ્યવહાર અને સેક્રેટરીયલ પ્રેક્ટિસ<br>- કમ્પ્યુટર અધ્યયન | - એલીમેન્સ ઓફ એન્જીનિયરીંગ<br>- કમ્પ્યુટર એડેડ એન્જી.ડ્રોઇંગ<br>- બેઝીક્સ ઓફ એન્જીનિયરીંગ પ્રોસેસ મેન્ટેનન્સ એન્ડ સેફ્ટી | - કૃષિવિદ્યા<br>- ગૃહ વિજ્ઞાન<br>- ડેરી વિજ્ઞાન અને પશુપાલન<br>- કમ્પ્યુટર અધ્યયન |
| **(B) ગ્રુપ**<br>કલાશિક્ષણ: (ચિત્રકળા/સંગીત/શિવણ અને ભરત<br>(કોઇ પણ એક વિષય પસંદ કરવાનો રહેશે.) | મુક્તિ | મુક્તિ | કલાશિક્ષણ : (ગમે તે એક)<br>ચિત્રકળા/સંગીત/યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ |
| **(C) ગ્રુપ**<br>યોગ, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ | મુક્તિ | મુક્તિ | - |
| **(D) ગ્રુપ**<br>વોકેશનલ વિષય ચલાવતી શાળાઓ માટે ચાલતા "વ્યવસાયિક શિક્ષણ" ના વિષયો પૈકી (જે તે સમયે સરકારશ્રી દ્વારા મંજૂર કરેલ) એક વિષય પસંદ કરવાનો રહેશે. | મુક્તિ | મુક્તિ | |



Scanned with CamScanner

જા.નં-૪૨૧૬

તારીખ-૪/૦૬/૨૦૨૩

પ્રતિ,

સંચાલકશ્રી

જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓની તરફ જાણ/ તથા અમલ કાજુ---/

District Education Officer
Surat. Dist. Surat.